# 'Hi & Bye !' અંગ્રેજી કાવ્યસંગ્રહ વિશે નિરંજન ભગત

[**'Hi & Bye !'**, મહેન્દ્ર અમીનનો અંગ્રેજી કાવ્યસંગ્રહ, ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ., મુંબઈ, ૨૦૦૭, કિં. રૂ. ૮૦/-. આ કાવ્યસંગ્રહની નિરંજન ભગતે લખેલી પ્રસ્તાવનાનો ગુજરાતી અનુવાદ. અનુવાદક : મહેન્દ્ર પંડ્યા]

કાવ્યદેવીની વેદી સમક્ષ ઉપસ્થિત થવા અનેક કવિઓને નિમંત્રણ આપવામાં આવે છે, પણ એમાંથી થોડાકને જ પસંદ કરવામાં આવે છે. મહેન્દ્ર અમીન એ થોડાકમાંના એક હોય, તેઓને પસંદ કરવામાં આવ્યા હોય એવું લાગે છે. જે પોતાની ભાષા નથી, જે પારકી ભાષા છે એમાં કશું પણ સર્જનાત્મક લખાણ કરવું – સવિશેષ તો કવિતાનું સર્જન કરવું – અશક્ય નહિ તો અઘરું તો છે જ. મહેન્દ્ર અમીનને એ અઘરું લાગ્યું નથી. તેઓ ભારતમાંથી, ગુજરાતમાંથી સ્થળાંતર કરીને અમેરિકામાં સ્થાયી થયા છે. ગુજરાતમાં હતા ત્યારે એ અંગ્રેજીના અધ્યાપક હતા. આમ, તેઓ વિદ્યાર્થી તરીકે અને અધ્યાપક તરીકે સમગ્ર અંગ્રેજી સાહિત્યથી સુપરિચિત હતા. એમના કાવ્ય 'The Word'માં સૂચન છે તેમ એમણે એનું સઘન વાચન અને સતત મનન કર્યું હતું. એમાં જ તેઓ જે પસંદગી પામ્યા છે એનું રહસ્ય રહ્યું છે. સાથે સાથે તેઓ વર્ષોથી અંગ્રેજીમાં કાવ્યો રચતા રહ્યા છે. આ પૂર્વે એમનાં પ્રકીર્ણ કાવ્યો અમેરિકામાં 'Vantage' આદિ કાવ્યસંચયોમાં પ્રગટ થયાં છે. 'Hi & Bye !' એમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. એમાં ૫૧ કાવ્યો છે. એમાંનાં મોટા ભાગનાં કાવ્યો તાજેતરમાં રચાયાં છે, કેટલાંક કાવ્યો તેઓ જ્યારે એમની જન્મભૂમિ ભારતમાં હતા ત્યારે રચાયાં છે.

આ કાવ્યસંગ્રહમાં જે કવિતા છે તે આધુનિક સંવેદનાની કવિતા છે. રોમૅન્ટિક કવિતાથી ભિન્ન પ્રકારની સંવેદના – આધુનિક સંવેદના –ની કવિતા છે. એમાં કવિના વ્યક્તિત્વ પર નહિ પણ આધુનિક મનુષ્યની 'સ્વ' વિશેની સભાનતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ સભાનતામાં અન્ય અનેક તત્ત્વોની સાથે સાથે આત્મોપલબ્ધિ પ્રધાન છે. આધુનિક મનુષ્ય પોતે વિભાજિત છે અને એ અંગે એ સભાન છે. એને દેહ અને આત્મા, ઇન્દ્રિયો અને મન બન્ને છે. એનામાં દ્વૈત છે. એ દ્વિદલ મનુષ્ય છે. એની એને દૃઢ પ્રતીતિ છે. આ દ્વૈત એની સભાનતાના કેન્દ્રમાં છે. એ એને વેદના અને યાતના આપે છે. આમ, એનામાં માત્ર પીડન નથી, આત્મપીડન છે. આ આત્મપીડનને કારણે એનામાં એક વિશિષ્ટ મનોદશા પ્રગટ થાય છે. એમાં એ હર્ષ કે શોક, સુખ કે દુઃખ, કશાનો અનુભવ કરી શકતો નથી. આ મનોદશાનું નામ છે 'ennui' આનુઈ એટલે કે નિર્વેદ.

આ કાવ્યસંગ્રહમાં જાણે કે એકમેવ વસ્તુવિષય છે : નિર્વેદ. બલકે સૌ કાવ્યોમાં એક જ વસ્તુવિષય જૂજવે રૂપે છે. હમણાં જ કહ્યું તેમ નિર્વેદ એક મનોદશા છે. આ મનોદશામાં મનુષ્ય વર્તમાનનો ઉપભોગ કે ઉપયોગ કરી શકતો નથી. નિર્વેદ એની સંકલ્પશક્તિને જકડી રાખે છે અને એની કર્મણ્યતાને થીજીવી નાંખે છે. એને માટે કોઈ પણ એક ક્ષણ અન્ય ક્ષણથી ભિન્ન હોતી નથી. એને માટે સમય ગતિશીલ હોતો નથી. સમય સ્થગિત હોય છે. સમય સતત સ્થિર હોય છે. સમયનું સાતત્ય હોતું નથી. ટૂંકમાં, એને માટે સમય થંભી ગયો હોય છે, એક માત્ર ભૂતકાળનું જ, ભારરૂપ ભૂતકાળનું જ અસ્તિત્વ હોય છે. એને માટે નથી વર્તમાન કે નથી ભવિષ્યકાળ. એને માટે હોય છે માત્ર ભૂતકાળનું અંતહીન પુનરાવર્તન. એ એને રૂંધે છે, ગૂંગળાવે છે. ભૂતકાળ એને માટે એક આંધળી ગલી છે, એક અભેદ્ય ભીંત છે. એમાંથી મુક્ત થવાનો કોઈ માર્ગ નથી. આ કાવ્યસંગ્રહમાં ભૂતકાળની સ્મૃતિ અને એકવિધતાનાં જ કાવ્યો હોય, નિરાશા અને હતાશાનાં જ કાવ્યો હોય એમાં કોઈ આશ્ચર્ય નથી. ટૂંકમાં, એમાં વેદના, મનુષ્યના અસ્તિત્વની એક અનિવાર્ય અને અપરિહાર્ય એવી વેદના, અસ્તિત્વવાદી વેદનાનાં કાવ્યો છે.

આ મનોદશામાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે : નિર્વેદને કારણે જે વેદના જન્મે છે તેનો સ્વીકાર. એમાં જ અને માત્ર એમાં જ આશા છે. કારણ કે વેદનામાંથી જ સંવેદના અને સંવેદનામાંથી જ વેદ એટલે કે વિદ્યા એટલે કે જ્ઞાન (સૂઝસમજ) પ્રગટ થાય છે. સમયનો સદુપયોગ કરવાનું; ક્રિયાશીલતા, સક્રિયતા, કર્મણ્યતા માટે ઉપયોગ કરવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. કાળ દ્વારા જ કાળ પર વિજય પ્રાપ્ત થાય છે. સમયનો સદુપયોગ એટલે વર્તમાનમાં સક્રિય થવું. સમયની, કાળની શૃંખલામાંથી આ સક્રિયતા, ક્રિયાશીલતા દ્વારા જ મુક્તિ પ્રાપ્ત થાય છે. આ મુક્તિ એ જ મનુષ્યની આત્મોપલબ્ધિ છે. આ કાવ્યસંગ્રહમાં કેટલાંક કાવ્યો બોધપ્રધાન લાગે છે. પણ એવાં કાવ્યોમાં જ વેદનાના સ્વીકાર માટેનો, મુક્તિ માટેનો, આત્મોપલબ્ધિ માટેનો સંઘર્ષ વ્યક્ત થાય છે. આ કાવ્યસંગ્રહનું શીર્ષક છે 'Hi & Bye !' ('સ્વાગત અને વિદાય !'). આ શીર્ષક આધુનિક મનુષ્યની સભાનતા અને આત્મોપલબ્ધિનું પ્રતીક છે.

અંતમાં 'Hi & Bye !'ને 'આગે કદમ'ની શુભેચ્છા !